

પ્રસિદ્ધ આર્ટિસ્ટ જ્યોતિ ભટ્ટના પેઈન્ટિંગ્સ, ડ્રોઈંગ્સ, ફોટોગ્રાફ્સ અને ડિઝીટલ આર્ટનું પ્રદર્શન તા.૧૨ માર્ચથી યોજાઇ રહ્યું છે. તે પૂર્વે જ્યોતિ ભટ્ટે પોતાની જ કલાકૃતિઓનું સર્વેક્ષણ કર્યુ હતું (તસવીર : ચંદનગિરિ)

## ભારતમાં કલાના ક્ષેત્રમાં પણ જાતિવાદ જેવો ભેદભાવ

# પેઈન્ટિંગ ઉચ્ચ અને ગ્રાફિક આર્ટ નીચ કળા માનવામાં આવે છે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

ભારતમાં માત્ર સમાજ વ્યવસ્થામાં જ જાતિવાદ છે એવું નથી પણ આ દેશમાં કલાના ક્ષેત્રમાં પણ જાતિવાદ પ્રવર્તિ રહ્યો છે. જેમ કે ગ્રાફિક પ્રિન્ટને સૌથી નીચ કળા ગણવામાં આવે છે ફોટોગ્રાફીને તેનાથી ઉપરની અને પેઈન્ટિંગ સૌથી ઉપર આવે છે. કળાની આ પ્રકારની વ્યાખ્યા માત્ર ભારતમાં જ જોવા મળે છે તેમ આજે વડોદરાના આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રખ્યાત આર્ટિસ્ટ-ફોટોગ્રાફર જ્યોતિ ભટ્ટે પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું.

## ખેડૂતની જેમ કલાકારોનું પણ વચેટિયાઓ શોષણ કરી રહ્યા છે : તા.૧૨ માર્ચથી જ્યોતિ ભટ્ટની કૃતિઓનું પ્રદર્શન

શહેરના ગોરવા બીઆઈડીસીમાં આવેલ આર્ક આર્ટ ગેલેરી ખાતે તા.૧૨ માર્ચથી ૬ એપ્રિલ સુધી જ્યોતિ ભટ્ટના પેઈન્ટિંગ્સ, ડ્રોઈંગ્સ, ડિઝીટલ આર્ટ અને ફોટોગ્રાફ્સનું પ્રદર્શન યોજાઇ રહ્યુ છે તે પહેલા તેઓએ કલાક્ષેત્રની કેટલીક અણગમતી વાતો પત્રકારો સાથે શેર કરતા કહ્યું હતું કે 'આ દેશમાં કલાકાર અને ખેડૂત બન્નેની હાલત સરખી છે. ખેતીની જેમ કલાના ક્ષેત્રમાં પણ વચેટીયાઓ જ કમાણી કરે છે અને કલાકાર ભુખે જ મરે છે. કલાનું ક્ષેત્ર સટોડિયાનું બજાર બની ગયું છે. આર્ટ ગેલેરીઓ અને આર્ટ કલેક્ટરો જ નક્કી કરે છે કે સારી કલા કઇ અને ખરાબ કલા કઇ, સારો કલાકાર કોણ અને ખરાબ કલાકાર કોણ... અહી કલાને આંખથી જોઈને તેને અનુભવનાર વર્ગ જ નથી.

"GUJARAT SAMACHAR - 11/03/2018"